# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ક્ષમતા નથી ઉડવાની છતાં ચગચિ જગે છે,
ચગે બૂમબરાડે, ઢીલ અને ઠૂમકે ઠગે છે
વગે છે પૈસાની, રગે છે નિષ્ણાત કાપાકાપીમાં
નથી લાયકાત છતાં પવન વગર ચગે છે
(વાસી ઉત્તરાણ)

## હાઈકુ

પવન ભરી,
આકાશે ઉડનારા
કપાઇ જાય!

ખેંચતાણમાં,
જમાનો ગૂલાંટોનો -
ચગે ઠૂમકે..

## ચિંતન

*અંભોજિનીવન નિવાસવિલાસ મેવ, હંસસ્ય હન્તિ નિતરાં કુપિતો વિધાતા ।*
*કિન્તવ્યસ્ય દુગ્ધજલ ભેદવિધૌ પ્રસિદ્ધાં વૈદગ્ધ્ય કીર્તિમપહર્તુમસૌ સમર્થઃ ॥*

ભતૃહરિના નીતિશતકનો આ શ્લોક છે. ગમે તેવી સત્તા-તાકાત-પદ, વિદ્વાન-પંડિત-સ્પષ્ટવક્તાની વિદ્વતા, જ્ઞાન, શક્તિનું હરણ નથી કરી શકતા એને શારીરિક કષ્ટ આપી શકે પણ માનસિક રીતે વિચલિત ન કરી શકે - અર્થ.

'બ્રહ્મા જેવા ખૂદ બ્રહ્મા પોતાના વાહન હંસ પર ગુસ્સે થાય ત્યારે પોતાના 'કમળવન' માં રહેવાનો આનંદ ક્રોધમાં ગુમાવી દે છે પરંતુ હંસ કે જેની પાસે પાણી અને દૂધ-ક્ષીર-નીર અલગ કરી નાખવાની વિદ્યા-તાકાત-શક્તિ છે એનું હરણ નથી કરી શકતા. અર્થાત બ્રહ્મા જેવો બ્રહ્મા પણ કોઇની વિદ્યા-જ્ઞાન પરત નથી લઇ શકતા.'

મોટો અધિકારી, ડ્રાઇવર સમયસર ન આવે ત્યારે ગુસ્સો થઇ એનું એકાદ ઇંક્રીમેન્ટ અટકાવી શકે પણ એની પાસે ડ્રાઇવીંગની જે વિદ્યા-આવડત-ટેકનીક છે એ છીનવી ન શકે- સમયસર પહોંચાડવામાં એ જ ડ્રાઇવર મદદરૂપ થઇ શકે. સ્વષ્ટવક્તા-નિષ્ઠાવાન સચિવ-સલાહકાર-પ્રધાનશ્રીઓને આંખે દીઠા ગમતા નથી. એને સજા કરી ગમે ત્યાં-સાઇડ પોસ્ટ પર ફેંકી બદલી કરી શકે પણ એનો સ્વભાવ-શક્તિ-નીતિની ટેવને ન બદલી શકે.

બ્રહ્માનું નિવાસ સ્થાન કમળવનમાં છે ગુસ્સો કરે ત્યારે એમાં રહેવાનો આનંદ ગુમાવવાનું નૂકશાન થાય પણ હંસનું કંઇ જ ન બગાડી શકે! એની વિદ્યા ન છીનવી શકે.

## સુવિચાર

- અર્થશાસ્ત્રી એ એવી વ્યક્તિ છે જે ધન વિશે ધનવાન કરતાં વધુ જાણે છે - ***એસ. ભટ્ટાચાર્ય***
- બુદ્ધિશાળી વ્યક્તિ વીતી ગયેલી ક્ષણનો શોક નથી કરતા, ભવિષ્યની ચિંતા નથી કરતા માત્ર વર્તમાનકાળને લક્ષમાં રાખીને જ વ્યવહાર કરે છે - ***માનસસૂત્ર***
- જો તમે પૈસાનો ઉપયોગ જાણતા હોય તો તે તમારો દાસ બની જાય છે પણ તમે તેનો ઉપયોગ ન જાણતાં હોય તો તે તમારો સ્વામી બની જાય છે - ***જનકલ્યાણ***
- ભૂતકાળને ભવિષ્યનું બીબું ન બનાવો, જેવો ભૂતકાળ હોય તેવું જ ભવિષ્ય હોય તે જરૂરી નથી - ***વિન્સ્ટન ચર્ચિલ***
- ધન ખાતર જેવું છે, તેને ફેલાવી ન દ્યો તો તે ગંધાઇ ઊઠે છે - ***કાન્તિ ભટ્ટ***
- જે માણસ શાસન કરવાનું જાણતો નથી, તેણે આજ્ઞાપાલન કરતાં શીખવું જોઇએ- ***ડો. અઢિયા***
- માનવતા અને સંસ્કૃતિનું મહાવિદ્યાલય માતાના ચરણોમાં છે - ***પન્નાલાલ પટેલ***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

મેલી વિદ્યાઓ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી ધનિક ભક્તોને શીશામાં ઉતારી શેતાન સંતો જાતે ભોગ-વિલાસ ભોગવે છે નિઃસ્પૃહી સાચા સંતને સાદી-સરળ ઝૂંપડી સિવાય કંઇ જ અપેક્ષા હોતી નથી. ઉલ્ટું ધન-સમૃદ્ધિ એને તો બાધારૂપ બને છે.

આવા નિસ્પૃહી એક સંત પાસે બે નંબરી આવક વાળો એક શેઠીયો સોના-ચાંદીના સિક્કા લઇને આવ્યો અને કહ્યું, બાબા, મેં સાંભળ્યું છે કે આપના આશીર્વાદ ફળે છે આ ધન-સમૃદ્ધિ દક્ષિણા રૂપે સ્વીકારી મને એનાથી દસ ગણી સંપત્તિ મળે એવા આશીર્વાદ આપો!

સંતે સ્મિત સાથે કહ્યું, 'તમારે ત્યાં તમારા ગુરૂ વ્યાખ્યાન આપવા આવવાના હોય તેમની વ્યાસપીઠ અને શ્રોતાઓ માટે તમે ગાલીચા પાથર્યા હોય, તમારો દિવાનખંડ સજાવ્યો હોય એવામાં કોઇ ગાંડો ઘૂસી જાય અને ગુરૂજીની વ્યાસપીઠ પર જ પેશાબ કરી જાય તો તમે શું કરો?'

શેઠ કહે - એને હું મારી મારી ખોખરો કરી તેને ગામ બહાર મોકલી દઉં!

સંત કહે - જૂઓ શેઠ મેં મારી આ નાની ઝૂંપડી ગૌ-ગવ્યથી લીંપીગૂંપી પવિત્ર કરી છે, અને ઇશ્વરના આગમન માટે તપ-સાધના કરતો હતો, ત્યાં તમે આવી આ ધન-સંપત્તિની વિષ્ટા કરી, મારી ઝૂંપડીની પવિત્રતા બગાડી નાખી! બોલો મારે શું કરવું?!

શેઠ સમજી ગયા. પૈસાનું પોટલું લઇ, પ્રણામ કરી કંઇ પણ બોલ્યા-ચાલ્યા વિના પલાયન થઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# ઈસ્લામ ધર્મના સિદ્ધાંતો અને સાર માનવોને સત્કર્મો, સમાનતા, દયાભાવ, એકતા, સદાચાર અને સાદગીનાં સંદેશોઓ આપે છે

## વન્યસૃષ્ટિ પરિચય
## ઈસ્લામ ધર્મમાં પર્યાવરણ રક્ષા

*- હેમંત સુથાર*

વિશ્વના બધા જ ધર્મો આપણને પર્યાવરણ રક્ષા માટે ઉપદેશો આપે છે. ઇસ્લામ ધર્મની વાત કરીએ તો આ ધર્મનો ઉદ્‌ભવ અરબસ્તાનમાં થયો છે. આ પ્રદેશ પ્રાકૃતિક દૃષ્ટિ એ ખૂબ જ મર્યાદિત કુદરતી સ્ત્રોતો ધરાવતો વિસ્તાર છે. આથી આવા વિસ્તારોમાં વસતી પ્રજા તેમને પ્રાપ્ત કુદરતી સ્ત્રોતોનું મૂલ્ય સારી રીતે સમજતી હોય તે સ્વાભાવિક છે.




ઇસ્લામ ધર્મના સિદ્ધાંતો અને સાર માનવોને સત્કર્મો, સમાનતા, દયાભાવ, એકતા, સદાચાર અને સાદગીનાં સંદેશોઓ આપે છે. આ સંદેશાઓનું પાલન કરીને જીવન જીવનારા લોકો એક યા બીજી રીતે પર્યાવરણને હાનિ પહોંચાડયા વગર જીવન ગુજારતાં હોય છે.

ઇસ્લામ ધર્મના સ્થાપક એવા મહંમદ પેગંબર સાહેબ દ્વારા અપાયેલા ઉપદેશોને ઊંડાણપૂર્વક સમજવામાં આવે તો આ સમગ્ર સૃષ્ટિ એક જ રચયિતા છે. તે ધરતીના સ્વામી છે. તે વરસાદ લાવે છે. તેમને પાણીમાંથી જીવો પેદા કર્યા છે. જે બે પગાં કે ચૌપગાં છે અને સહુનો પાલનહાર એક જ છે. આકાશ અને જમીન પર જે કાંઇ છે તે ઇશ્વર કે અલ્લાહનું છે તે સહુનું રક્ષણ કરે છે. જેથી વાતોને મહત્ત્વ અપાયું છે અને તે દ્વારા માનવને સર્વ જીવો અને સર્વ પ્રાકૃતિક ઘટકોને રક્ષવા માટે માર્ગદર્શન અપાયું છે.

***કુરાનમાં ખજૂર, જૈતુન, દ્રાક્ષ (અંગૂર), દાડમ (અનાર), અંજીર જેવા ફળોનું વર્ણન છે અને એવું કહેવાય છે કે આવા બધા ફળો સ્વર્ગમાંથી આવેલ છે અને "જન્નતનો મેવો" છે. આ ઉપરાંત કુરાનમાં મહેંદી અને ડમરાનું મહત્ત્વ પણ દર્શાવ્યું છે***

ઇસ્લામના પવિત્ર ગ્રંથમાં એવું કહેવાયું છે કે, "જે પશુઓને યથાર્થે વધેરવામાં આવે છે તેનું માસ કે લોહી ઇશ્વરને પહોંચતું નથી. ઇશ્વર તો તમે ખરાબ કામથી બચતાં રહો તે જ ઇચ્છે છે..."

(૨૨-૩૭)

એમ કહીને પ્રાણીમાત્રના રક્ષણ માટે આદેશ કર્યો છે.

એકવાર એક જણે કોઇ પંખીના માળામાંથી કેટલાંક ઇંડા ચોરી લીદા તો પેગંબરે તે ઇંડા તરત જ પાછા જે તે જગ્યાએ મુકાવી દીધા હતા

- બુખારી

એક વ્યક્તિએ પક્ષીઓનાં બચ્ચાં અને તેની માને શેતરંજીમાં પકડી લાવ્યા ત્યારે તે પરત મુકાવી દેવા સૂચના આપી હતી.

"એક જગ્યાએ કોઇએ ઉંધઇના રાફડાને સળગાવી મુક્યા ત્યારે પેગંબરે તેને કહ્યું હતું કે, અલ્લા, જે અગ્નિનો માલિક છે, તેના સિવાય બીજા કોઇનો અધિકાર નથી કે બીજાને અગ્નિ વડે શિક્ષા કરે."

- અબુ દાઉદ

આમ, ઉંધઇ જેવા નાના જીવથી લઇને પક્ષીઓનાં ઇંડા હોય કે બચ્ચાં પેગંબર સાહેબે તેને રક્ષણ આપવા માટે આજ્ઞા કરી હતી. આ પ્રસંગો જીવ માત્રને રક્ષણ આપવા સાથે સાથે સહુ જીવોને જીવવાનો સમાન અધિકાર છે તેવું જ્ઞાન પણ આપે છે.

મહંમદ પેગંબર સાહેબે કહ્યું છે કે "સૌ પ્રાણીઓ પરમાત્માનું કુટુંબ છે અને જે આ પરમાત્માના કુટુંબનું ભલું કરે છે તે પરમાત્માને સહુથી પ્રિય છે."

- બૈહકી

ઇસ્લામના પવિત્ર ધર્મગ્રંથ કુરાનમજીદમાં વિવિધ વૃક્ષોની જાતોને અલ્લાહે પૈદા કરેલ છે તેવો ઉલ્લેખ છે.

કુરાનમાં ખજૂર, જૈતુન, દ્રાક્ષ (અંગૂર), દાડમ (અનાર), અંજીર જેવા ફળોને વર્ણન છે અને એવું કહેવાયલ છે કે આવા બધા ફળો સ્વર્ગમાંથી આવેલ છે અને "જન્નતનો મેવો" છે. આ ઉપરાંત કુરાનમાં મહેંદી અને ડમરાનું મહત્ત્વ પણ દર્શાવ્યું છે.

ઇસ્લામ ધર્મનું પાલન કરનારા અનુયાયીઓની રહેણીકરણી, પહેરવેશ, રીતિ-રિવાજો, ધાર્મિક ઉજવણીઓમાં પર્યાવરણીય તત્ત્વોના રક્ષણનો અભિગમ કેન્દ્ર સ્થાને છે. પવિત્ર રમઝાન માસમાં રખાતાં 'રોઝા' દરમિયાન આખો દિવસ પાયણી પણ નહીં પીવાનું અને પાણીની પરબો મુકવાની પ્રવૃત્તિ પાણીના મહત્ત્વને સમજાવે છે.

ઇસ્લામ ધર્મના પવિત્ર સ્થાન માટે પણ એવું કહેવાય છે કે "હઝરત મહંમદ સાહબને ફરમાયા હૈ કિ આજ સે મક્કે કી ધરતી પર ન તો કોઇ કીસી ઇન્સાન કા ખૂન હોગા ઔર ન તો કિસી જાનવર કા શિકાર કિયા જાયેગા ઔર ન તો કોઇ હરીભરી દરખ્ત (વૃક્ષ) કો કાટા જાયેગા." આ વાક્યમાં અપાયેલી આજ્ઞા, પ્રાણીઓ અને વૃક્ષોને માનવ સમાન ગણીને તેને ન કાપવા માટે કે હાનિ ન પહોંચાડવા માટેના મહત્ત્વને સમજાવે છે.

આપણે જાણીએ છીએ તેમ જળ, જમીન, હવા, જેવા નિર્જીવ ઘટકો અને વૃક્ષો, પશુઓ, પક્ષીઓ, જીવ-જંતુઓ જેવા સજીવ ઘટકોથી બનેલી આ સમગ્ર સૃષ્ટિ એક સંતુલિત ધુરા પર ઉભેલી છે. તેમાં કોઇ પણ પ્રકારની હાનિ પહોંચવાથી પેદા થનાર અસંતુલન માનવ જાતના અસ્તિત્વ માટે પણ વિનાશક બની જશે. આ જ વાત બધા જ ધર્મો કહે છે અને જો માનવ જાતનું અસ્તિત્વ જ નહી ટકે તો પછી ધર્મનું અસ્તિત્વ ટકવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થયો નથી.

# માથાના સખત દુઃખાવા, માઈગ્રેન આદિ જેવા તકલીફો હોય અને તાત્કાલિક પરિણામની અપેક્ષા હોય ત્યારે યોગ્ય માત્રામાં પથ્યાદિ કવાથ તેમજ ગોદંતી ભસ્મ સરસ પરિણામ આપી શકે

## *તાત્કાલિક અસર ઉપજાવતી આયુર્વેદિક દવાઓ*
## નિરામય

*- ડો. કેદાર ઉપાધ્યાય*

આયુર્વેદ અને તાત્કાલિક અસર...? છાપવામાં કંઇ ભૂલ થઇ હોય તેવું લાગે નહિ...? 'આયુર્વેદ તો ધીમે ધીમે અસર કરે. તેના કોર્સ તો વરસ - બે વરસ ચાલે,શું, કે મૂળમાંથી રોગને દૂર કરો ને...! એટલે, અને વળી આયુર્વેદની દવાઓ એટલી સ્ટ્રોંગ નહિ. એટલે અસર કરવામાં આવે લગાડે. એટલે જૂના હઠીલા રોગો માટે આયુર્વેદની દવાઓ ઉત્તમ, પણ ઇમરજન્સી થઇ હોય અને તાત્કાલિક અસર જોઇતી હોય તો તો પછી એલોપેથીક દવાઓ લેવી એ જ ડહાપણ કહેવાય...'



આપણામાંના લગભગ દરેક વ્યક્તિ ઉપરોક્ત માન્યતાને અનુસરે છે. અમુક અંશે આ માન્યતા સાચી પણ છે. પરંતુ અણુક અંશે જ... આયુર્વેદિક દવાઓ ઇમરજન્સીમાં કામ જ ન આવે એ વાત તો જાણે સાવ ખોટી. શું ચરક, સુશ્રૃત કે વાગ્ભટ્ટ ઋષિઓનાં સમયમાં ઇમજન્મસી થતી જ નહિં હોય...? ત્યારે કયાં એલોપેથીક દવાઓ શોધાઇ હતી...? એવા સમયે ઇમરજન્સીના સમયે પણ આયુર્વેદિક દવાઓ જ ઉપયોગમાં લેવાતી. કાળક્રમે એવું બન્યું કે બ્રિટીશરો આવ્યા અને તેઓ સ્વાભાવિક રીતે જ પોતાના દેશમાં વધુ ચલણમાં હોય તેવી બાબતોનો જ પ્રચાર કરવાના. આથી આધુનિક તબીબીશાસ્ત્રનો વ્યાપ વધ્યો અને ઇમરજન્સી કંડીશનમાં તો આધુનિક તબીબી શાસ્ત્ર વરદાનરૂપ સિદ્ધ થયું. એમાં બે મત નહિં. પરંતુ આયુર્વેદ વડે ઇમરજન્સી મટે નહિ એ વાત ખોટી... એમાં પણ બેમત નહિં. ઇમરજન્સી માટે ઉપયોગી એવા અનેક પ્રયોગોમાં અમુક પ્રયોગો અહિં ટાંકુ છું. એટલું તો ચોક્કસ જ કે ઇમરજન્સી વખતે આપણે ડોકટર, એમ્બ્યુલન્સની મદદ લઇએ તો છીએ તેમ આ ઉપાયો પણ અખતરા સ્વરૂપે ન જ કરવા. ચિકિત્સકને અનુસરીને જ કરવા.

અતિશય ઝાડા થયા હોય, પાણી જેવા ઝાડા, પેટમાં કાંઇ રહેતું જ ન હોય, ત્યારે કુટજ ઘન વટી અને કર્પૂરસરસ ઇમરજન્મસીની દવાઓ તરીકે અપાય છે અફીણ પણ ઉત્તમ, પહેલા તો કર્પૂરસ રસ અફીણયુક્ત મળતો. હાલ પ્રતિબંધીત હોવાથી નથી મળતો.

જો ખૂબ કબજીયાત હોય. કોઇ પણ પ્રકારના રેચક દ્રવ્યો જરાય કામ ન કરતા હોય તો મહારેચક પદાર્થ એટલે નપાળો, સંસ્કૃતમાં જેને 'જયપાલ' કહે છે. ખૂબ જ સાવતચેતીપૂર્વક ઉપયોગ કરવો જરૂરી છે. કારણ કે આનું પરિણામ હાજા ગગડાવી નાખે તેવું હોય છે. કયારેક સહેજ અમથી વધુ માત્રા લેવાઇ જાય તો ઝાડા રોકાય જ નહિ. એવી પરિસ્થિતિ પણ ઊભી થાય. આવા સમયે ખૂબ ઘી નાખેલ ખિચડી ખવડાવવી.

- તીવ્ર ખાંસી-ઉધરસ રહેતી હોય, બંધ જ ન થાય તેવું હોય તેમાં જેઠીમધ અને બહેડાનો એક ઉફાળો આવે તેટલો ઉકાળો કરવો અને દિવસમાં ચાર-પાંચ વખત લેવો. તીવ્ર ખાંસીમાં પણ ચમત્કારિક પરિણામો મળ્યા ના દાખલાં છે.

- માનસિક સંતાપ હોય, મનની બેચેની હોય, મન ન લાગતું હોય, ટેન્શન હોય તેવા કિસ્સાઓમાં પણ આયુર્વેદમાં અમુક ચમત્કારિક ઔષધો છે. માલકાંગણી જેઠીમધ, ગોદંતી, શતાવરી આદિ ઔષધોના ઉપયોગથી તાત્કાલિક પરિણામ મળી શકે.

- માથાના સખત દુઃખાવા, માઇગ્રેન આદિ જેવા તકલીફો હોય અને તાત્કાલિક પરિણામની અપેક્ષા હોય ત્યારે યોગ્ય માત્રામાં પથ્યાદિ કવાથ તેમજ ગોદંતી ભસ્મ સરસ પરિણામ આપી શકે. લાંબો સમય લેવાથી સમૂળગો ફાયદો પણ થાય.

આ ઉપરાંત શરીરમાં ઇનફેકશન આદિ થયેલા હોય ત્યારે સુદર્શન, તુલસી, ગળો, હળદર આદિની નિયત માત્રામાં ઉપયોગ કરીએ તો મોટે ભાગે એન્ટી બાયોટીક લેવાની જરૂર પડતી નથી.

ઇમરજન્સી એ એવી કંડીશન હોય છે જયારે દર્દી ખૂબ પીડાતો હોય છે યોગ્ય સમયે યોગ્ય સારવારથી તે પીડા પર કાબૂ મેળવી શકાય છે. આધુનિક તબીબી શાસ્ત્ર આ ઇમરજન્સીના સમયે આશીર્વાદરૂપ છે જે પરંતુ અહિં દર્શાવિલ પ્રયોગો દ્વારા એ ખ્યાલ આવે કે આયુર્વેદમાં પણ ઇમરજન્સીનો પ્રતિકાર કરી શકે તેવા અસરકારક યોગો છે જ. યોગ્ય ચિકિત્સકની સલાહ મારફ્ત આ પ્રયોગોને અનુસરવાથી ચોક્કસ પરિણામ મળી શકે...

# ...જા ખુશ્બુને ખાવાનું આપી આવ, સવારથી કંઇ ખાધું નથી, હું પણ માં છું, મને પણ દુઃખ લાગે છે, પણ જે અંગ સડી જાય તેને કાપવું જ પડે છે, નહીં તો સડો આખા શરીરમાં પેસી જાય

## નવાં ક્લેવર

*- નટવર હેડાઉ*

(ગતાંકથી આગળ...)

'શું ઠેકાણે આવશે?' પપ્પાનો ગુસ્સો આખોથી હોઠ પર આવી ગયો. એક તો હલકી નાતનો છોકરો અને બીજું એનું ચરિત્ર. શું એ બધું જાણ્યા પછી કોઇ બાપ પોતાની દીકરીને કુવામાં નાખી શકે ખરો? સંગીતા એક અપરાધ ભાવ સાથે પપ્પાની બધી વાતો સાંભળતી રહી. તેમણે સંગીતાને બોલવાનો મોકો પણ ન આપ્યો. ફક્ત પોતાનો નિર્ણય જણાવ્યો. આ બધી વાતો ખુશ્બુ એક ખુણામાં ઊભી રહી સાંભળતી હતી. પપ્પાના ગયા પછી ખુશ્બુ પણ પગ પછાડતી ઓરડામાંથી બહાર નીકળી ગઇ. સંગીતાના ખભે માથું મુકી રડતાં રડતાં બોલી.

'દીદી હું એ રખડેલને પ્રેમ કરૂં છું. હું જાણું છું કે એ વંઠેલ છે. છતાં મને તેનાથી પ્રેમ થઇ ગયો છે. દીદી તમે તો જાણો જ છો કે પ્રેમ કંઇ સમજી વિચારીને થતો નથી. બસ થઇ જતો હોય છે એ હું પણ જાણું છું કે તે મને ખુબ ચાહે છે. મને સુખી કરશે. આમ પણ એવું કયાં કયાંક લખ્યું છે કે કોઇ રખડેલ, બદમાશ ને પ્રેમ ન કરવો જોઇએ. દીદી મેં મારૂં આખું જીવન તેની સાથે નિભાવવાનો નિર્ણય લઇ લીધો છે. મારી એવી ઇચ્છા હતી કે સૌ મારી ખુશીમાં સામેલ થાય. પણ જો એવું નહીં થાય તો પણ હું મારૂં જીવન મારી રીતે જીવીશ. હું વિશાલ સાથે લગ્ન કરીશ. તમે મને મળવા આવશો તો ભલે. નહીં આવો તો કંઇ નહીં. પણ હું તેને છોડી નહીં શકું.' ખુશ્બુની આ બધી વાતોનો સંગીતા પાસે કોઇ જવાબ ન હતો. તે ચુપચાપ તેની વાત સાંભળતી રહી. સંગીતા પ્રેમની સમર્થક હતી. પણ આ પરિસ્થિતિમાં તે શું કરે. એક તરફ મા-બાપની આબરૂ અને બીજી તરફ બહેનનો પ્રેમ. છેવટે તેનો પણ એજ નિર્ણય રહ્યો જે એક ભારતીય સામાજિક છોકરીનો હોય છે.

તેની ઇચ્છા ન હોવા છતાં તે કુટુંબની પડખે ઊભી રહી. ખુશ્બુ ને ફરી વાર ગેરેજમાં પુરી દેવામાં આવી. તેનું રૂદન સંગીતાના કાન દ્વારા હૃદયમાં અને હૃદયથી મગજ પર કબજો જમાવતું હતું. તે એ વાત સ્વીકારી શકતી ન હતી તે તેના જીવનમાં આવું કંઇક થઇ રહ્યું છે તે અસંમજસમાંથી બહાર નીકળી શકતી ન હતી. પિતાની પરંપરાઓ તોડે તો એક સંસ્કારી દિકરી તરીકેનો દરજ્જો ખોઇ બેસે અને બહેનને પ્રેમમાં સાથ આપે તો... વિચારતાં વિચારતાં સવારથી કયારેક સાંજ થઇ ગઇ તેનું સંગીતાને ભાન પણ ન રહ્યું. મમ્મી એ કહ્યું, 'જા ખુશ્બુને ખાવાનું આપી આવ, સવારથી કંઇ ખાધું નથી. હું પણ માં છું. મને પણ દુઃખ લાગે છે. પણ જે અંગ સડી જાય તેને કાપવું જ પડે છે. નહીં તો સડો આખા શરીરમાં પેસી જાય.' મા ની વાત સાંભળીને સંગીતાએ ચુપચાપ થાળી ઉપાડી અને ગેરેજ તરફ ચાલી નીકળી. થોડીવાર પછી થાળી પડ્યાનો અને સંગીતાની બૂમનો અવાજ સંભળાયો. ત્યારે સૌ ગેરેજ તરફ ગયાં. બીજું થવાનું શું હતું. પિતાની આબરૂ ઉંબરો વટાવી ચુકી હતી. પપ્પાની લાચાર આંખો સંગીતાની સામે ટગર ટગર જોઇ રહી હતી. અને મમ્મી તો બેભાન થઇ ગઇ. સંગીતાએ તાત્કાલિક પોતાના જાણીતા મિત્રો અને બહેનપણીઓને ફોન લગાવ્યા. અને ખુશ્બુને શોધવા કહ્યું.

લગભગ એક કલાક પછી બારણાની ડોરબેલ વાગી. સંગીતાએ દોડીને બારણુ ખોલ્યું. તો ચોંકી ગઇ. કેમ કે ખુશ્બુ લગ્નનાં લિબાશમાં વિશાલ સાથે ઊભી હતી. તે આશીર્વાદ માટે સંગીતાને પગે લાગી. તે કંઇ બોલે તે પહેલાં પપ્પાએ બારણું વાસી દીધું. ખુશ્બુ બારણું ખખડાવતી રહી અને બોલતી રહી.

'પપ્પા પ્લીઝ મને માફ કરી દો, હું આની સાથે સુખી થઇશ, એક વાર મને આશીર્વાદ આપો.'

તે રોતી રહી અને પપ્પા પોતાની છાતી મજબૂત કરી બારણા પાસે જ ઊભા રહ્યા. સંગીતા થોડા દિવસ પોતાના પિયરમાં રહી પછી પોતાના ઘરે આવતી રહી. ગાંધીનગર આવતાં જ સંગીતા સૌથી પહેલાં મને મળવા આવી. તે ખુબ ઉદાસ હતી. એક તરફ કુટુંબ પીંખાઇ જવાનું દુઃખ હતું તો બીજી તરફ પોતાની નાની બહેનના ભવિષ્યની ચિંતા. એ બંનેમાંથી તેને બહાર કાઢવાનું મુશ્કેલ હતું. છતાં મેં તેને સમજાવી. 'જો સોનું, ખુશ્બુએ પોતાની જિંદગી જાતે સ્વીકારી તાકાત વિશાળને બદલી નાંખે અને ખુશ્બુનું જીવન ખુશખુશાલ બની પણ જાય. તું બસ તારા મા-બાપનું ધ્યાન રાખ અને હાં તેમને પણ પોઝીટીવ વિચારતા કર. તું જ જો આમ નિરાશ, હતાશ રહીશ તો તેમનું ધ્યાન કોણ રાખશે. ચાલ કયાંક ફરી આવીએ.'

સાંજે લગભગ પાંચ વાગ્યે મેં સંગીતાને તેને ઘેર ઉતારી અને હું ઘેર ગિ. મારી વિચારતંદ્રા ત્યારે તૂટી જયારે મારા પતિએ ડોરબેલ વગાડી. મેં બારણું ખોલ્યું અને ઘરમાંના કામોમાં લાગી ગઇ.

સમયને કોણ રોકી શક્યું છે અને એમ કહેવાય છે કે સમય ગમે તેવા ઘાને રૂઝાવી દે છે. સંગીતાને હવે પહેલાં કરતાં સારૂં હતું.

દિવસો... મહિનાઓ... અને વર્ષો વીતી ગયા. ફઇબાને ત્યાં જૂનાગઢ લગ્નમાં જવાનું હતું. હું મારા કુટુંબ સાથે બસ સ્ટેશને પહોંચી. બસમાં ચડવાની ધક્કા મુક્કીમાં અચાનક એક નાની બાળકીએ મારી સાડીનો પાલવનો છેડો ખેંચ્યો. મને થયું કેવી સુંદર બાળકી છે તેને ખોળામાં લઇ લઉં. પણ ત્યાં તો મારી નજર તેની મા પર પડી તો હું ચોંકી ગઇ. તે સંગીતાની નાની બહેન ખુશ્બુ હતી. લાલ ચટ્ટક રંગની સાડી, સેંથામાં સિંદૂર હાથમાં બહુ બંગડીઓ ગળામાં મંગળસૂત્ર તે ખુબ જ સુંદર લાગતી હતી. તે કદાચ મને ઓળખી શકી નહીં. પણ હું તેને ઓળખી પણ ગઇ અને પારખી પર ગઇ. હું તેને જોઇને રાજી થઇ. જો કે સંગીતાની આશાથી વિપરીત તે પોતાના લગ્ન જીવનથી ખુશ હતી. વિશાલ તેનું ખુબ ધ્યાન રાખતો હતો. હવે તે એક જવાબદાર પત્ની અને માં બન્ને હતી. સંબંધોના અર્થ બદલાઇ ગયા હતા. છતાં પ્રેમ આજે પણ એમ જ તટસ્થ હતો. તેને જોતાં જોતાં મારી વિચારયાત્રા થંભી ગઇ.

**(સંપૂર્ણ)**

**- vanvihari@gmail.com**